# વર્ષ ૨૦૧૪ – ૨૦૧૫

# પ્રથમ અપીલ હુકમોઃ

**RTI CELL**
**SCIENCE CENTRE SURAT**
**અપીલ અરજી નં. C.C.C./ C.ZONE/ OUT/ 1390, તા.૦૫/૦૨/૨૦૧૫**

**અરજદારઃ–** શ્રી ગીતા. આર. પટેલ
**સામાવાળાઃ–** જાહેર માહિતી અધિકારી અને કયુરેટર શ્રી દિવ્યેશકુમાર એસ. ગામેતી સાયન્સ સેન્ટર સુરત.

**ફરીયાદની હકીકતઃ–**

**વિષયઃ–** રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ ૨૦૦૫ હેઠળની શ્રી ગીતા. આર. પટેલની તા.૦૩/૦૧/૨૦૧૫ ની અરજી "ગુજરાત રાજયનાં તમામ સાયન્સ સેન્ટરમાં શોવેનીયર શોપ/મ્યુઝીયમ શોપમાં કયા પ્રકારની વસ્તુઓનું વેચાણ થાય છે.તે જણાવશો.વિજ્ઞાન/ટેકનોલોજી બાબતની કેટલી વસ્તુઓનું વેચાણ થાય તે જણાવશો (ટૂંકમાં વિગત) તથા અન્ય ૧૫ (પંદર) મુદ્દામાં માંગેલ માહિતી બાબત." માહિતીના મુદ્દા અંગેની માહિતી આપવા બાબત.

**સંદર્ભઃ–** ૧) અરજદાર શ્રી ગીતા. આર. પટેલની તા.૦૩/૦૧/૨૦૧૫ ની અરજી નં. સા.વે.ઝોન./આઈ.ડી.નં. ૯૦૨.
**૨)** જાહેર માહિતી અધિકારી અને કયુરેટરનાં પત્ર સા.સે.આર.ટી.આઈ.આ.નં.૧૭, તા.૦૭/૦૨/૨૦૧૫.
૩) અરજદારની અપીલ અધિકારી અને ચીફ કયુરેટરને કરેલી પ્રથમ અપીલ સા.સે.ઈ.નં.૨૬, તા.૦૭/૦૨/૨૦૧૫
૪) અપીલ અધિકારી અને ચીફ કયુરેટરનો પત્ર સા.સે.આ.નં.૧૯, તા.૧૮/૦૨/૨૦૧૫.

શ્રી ગીતા. આર. પટેલની તા.૦૩/૦૧/૨૦૧૫ ની **અરજી ક્રમાંક સા.વે.ઝોન./આઈ.ડી.નં. ૯૦૨** અન્વયે "ગુજરાત રાજયનાં તમામ સાયન્સ સેન્ટરમાં શોવેનીયર શોપ/મ્યુઝીયમ શોપમાં કયા પ્રકારની વસ્તુઓનું વેચાણ થાય છે.તે જણાવશો. વિજ્ઞાન/ટેકનોલોજી બાબતની કેટલી વસ્તુઓનું વેચાણ થાય તે જણાવશો (ટૂંકમાં વિગત) તથા અન્ય ૧૫ (પંદર) મુદ્દામાં માંગેલ માહિતી બાબત." માહિતીના મુદ્દા અંગેની માહિતી આપવા બાબતે જવાબ મળેલ નહીં હોવાનું જણાવી નારાજ થઈ અપીલ અધિકારીને તા.૦૭/૦૨/૨૦૧૫ નાં રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીનાં અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ, આપવાજોગ પુરક માહિતીની વિગતો, વિલંબ/ વિસંગતતા/ ઈનકાર/ હોય તો તેની સ્પષ્ટતા તથા **અપીલનાં મુદ્દા અંગે આપનો પક્ષ રજુ કરવા તથા માહિતીની હકીકત લક્ષી દફતરી વિગતો સ્પષ્ટ કરવા જાહેર માહિતી અધિકારી અને કયુરેટર શ્રી દિવ્યેશકુમાર એસ. ગામેતી, સાયન્સ સેન્ટર સુરત અને અરજદાર શ્રી મેહુલ વી પટેલને તા.૨૪/૦૨/૨૦૧૫ ના રોજ રૂબરૂ રજુઆત માટે હાજર રહેવા અપીલ અધિકારી અને ચીફ કયુરેટર દ્વારા સા.સે.આ.નં.૧૯, તા.૧૮/૦૨/૨૦૧૫ થી પત્ર પાઠવવામાં આવેલ હતો.**

અરજદાર દ્વારા ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી સુરત મહાનગરપાલિકાના અઠવા ઝોનમાં તા.૦૩/૦૧/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ, જે અરજી સુરત મહાનગરપાલિકાના અઠવા ઝોનનાં પત્ર ક્રમાંક સા.વે.(અઠવા)ઝોન/આરટીઆઈ/આ. ૧૩૪૩, તા.૦૮/૦૧/૨૦૧૫ થી સાયન્સ સેન્ટર સુરત ખાતે તબદીલ કરવામાં આવેલ, જે અરજી તા.૧૩/૦૧/૨૦૧૫ ના રોજ સા.સે.ઈ.નં. ૨૧ થી નોંધાયેલ હતી તથા સુરત મહાનગરપાલિકાના અઠવા ઝોનનાં પત્ર ક્રમાંક સા.વે.(અઠવા)ઝોન/આરટીઆઈ/આ. ૧૩૪૫, તા.૦૮/૦૧/૨૦૧૫ થી સાયન્સ સેન્ટર સુરત ખાતે તબદીલ કરવામાં આવેલ, જે અરજી તા.૧૩/૦૧/૨૦૧૫ ના રોજ સા.સે.ઈ.નં. ૨૦ થી નોંધાયેલ હતી તેમજ આ અરજીનાં અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને કયુરેટર શ્રી દિવ્યેશકુમાર એસ. ગામેતીને આગળની જરૂરી કાર્યવાહી માટે તબદીલ કરેલ. સદર અરજીનાં સંદર્ભમાં જાહેર માહિતી અધિકારી અને કયુરેટર શ્રી દિવ્યેશકુમાર એસ. ગામેતી દ્વારા તા.૨૭/૦૧/૨૦૧૫ ના રોજ સા.સે.આ.નં.૧૫ થી

ઓડિટ વિભાગને અંશતઃ તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અને કયુરેટર શ્રી દિવ્યેશકુમાર એસ. ગામેતી દ્વારા તા.૦૭/૦૨/૨૦૧૫ ના રોજ સા.સે.આ.નં.૧૭ થી અરજદારને માહિતી મોકલવામાં આવેલ, જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયમાં માહિતી ન મળેલ તેવુ જણાવી અપીલ અરજી મધ્યસ્થ કચેરીમાં કરેલ, જે આઈ.ડી.નં.૯૦૨, તા.૦૩/૦૨/૨૦૧૫ થી નોંધવામાં આવેલ, જે અપીલ અરજી મધ્યસ્થ કચેરીથી નં.સીસીસી/સેન્ટ્રલ ઝોન/આઉટ/૧૩૯૦, તા.૦૫/૦૨/૨૦૧૫ થી અપીલ અધિકારી અને ચીફ કયુરેટર, સાયન્સ સેન્ટર સુરતને તબદીલ કરવામાં આવેલ. આ અરજી સા.સે.ઈ.નં. ૨૬, તા.૦૭/૦૨/૨૦૧૫ થી સાયન્સ સેન્ટર સુરત ખાતે નોંધાયેલ છે. આ અરજી બાબતેજાહેર માહિતી અને કયુરેટર શ્રી દિવ્યેશકુમાર એસ. ગામેતી તથા અરજદાર શ્રી મેહુલ વી. પટેલને પત્ર સા.સે.આ.નં. ૨૦, તા.૧૮/૦૨/૨૦૧૫ થી રૂબરૂ રજુઆત અંગે તા.૨૪/૦૨/૨૦૧૫ ના રોજ અપીલ અધિકારી અને ચીફ કયુરેટરની ઓફિસે સવારે ૧૧:૦૦ કલાકે બોલાવવામાં આવેલ, જેમાં અરજદાર શ્રી હાજર રહેલ ન હતા. સદર રૂબરૂ રજુઆતમાં જાહેર માહિતી અને કયુરેટર શ્રી દિવ્યેશકુમાર એસ. ગામેતી દ્વારા રજુઆત કરવામાં આવેલ કે અરજદાર દ્વારા તા.૦૩/૦૧/૨૦૧૫ ની અરજીમાં માંગેલ માહિતીની વિગતો આપવામાં આવેલ છે તથા અરજદારને માહિતીની રૂબરૂ ચકાસણી કરવા માટે આવવા જણાવેલ છે. તેથી સદરહું અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

## <u>હુકમ</u>

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં તા.૦૫/૦૨/૨૦૧૫ નાં રોજની અપીલ અરજી નં. C.C.C./ C.ZONE/ OUT/ 1390 નો નીચે મુજબનો હુકમ કરી નિકાલ કરવામાં આવેલ છે.

''અરજદારની તા.૦૩/૦૧/૨૦૧૫ ની RTI અરજી હેઠળ માંગેલ માહિતી તેમજ પ્રથમ અપીલ અરજી હેઠળ માંગેલ માહિતીનાં અનુસંધાને અરજદાર તથા જાહેર માહિતી અને કયુરેટરને પત્ર સા.સે.આ.નં. ૨૦, તા.૧૮/૦૨/૨૦૧૫ થી રૂબરૂ રજુઆત અંગે તા.૨૪/૦૨/૨૦૧૫ ના રોજ અપીલ અધિકારી અને ચીફ કયુરેટરની ઓફિસે સવારે ૧૧:૦૦ કલાકે બોલાવવામાં આવેલ, જેમાં અરજદાર શ્રી હાજર રહેલ ન હોય તથા જાહેર માહિતી અધિકારી તરફથી કરવામાં આવેલ રજુઆત ધ્યાને લેતાં એક તરફી નિર્ણય ''અરજદારે માંગેલ માહિતી આપવામાં આવેલ હોય તથા અરજદાર માહિતીની રૂબરૂ ચકાસણી કરવા માટે આવેલ ન હોય વધુ માહિતી આપવાની જરૂર રહેતી નથી, **<u>જે ધ્યાને લઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.</u>** આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ – ૨૦૦૫ ની કલમ – ૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ, પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં.૧૮, ગાંધીનગર – ૩૮૨ ૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

(ભામિની એ.મહિડા)
અપીલ અધિકારી અને ચીફ કયુરેટર,
સાયન્સ સેન્ટર સુરત
સુરત મહાનગરપાલિકા.

સા.સે.આર.ટી.આઈ.આ.નં. ૨૨
તા. ૨૭/૦૨/૨૦૧૫

ન.ર. : જાહેર માહિતી અધિકારી અને કયુરેટર, સાયન્સ સેન્ટર સુરત પ્રતિ, .................... જાણ સારૂ
ન.ર. : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી શહેર વિકાસ વિભાગ(અઠવા ઝોન) પ્રતિ, ................. જાણ સારૂ
ન.ર. : મદદનીશ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (મહેકમ વિભાગ) પ્રતિ, ................... જાણ સારૂ